મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૭ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરના માર્ગો પર જોખમરૂપ માટીના ખડકલા...!!

મુખ્ય માર્ગોથી માંડીને સેકટરોના આંતરિક માર્ગો પર ચાલતા વિકાસ કાર્યો કે મરામત કામગીરી દરમિયાન કરવામાં આવતા ખોદકામની માટીને જયાં ત્યાં ખડકી દેવામાં આવે છે : પુરતો વૈકલ્પિક માર્ગ કે ચેતવણીરૂપ રીબન ના અભાવે વાહનચાલકોથી માંડીને વરિષ્ઠ રાહદારીઓ માટે જોખમરૂપ સ્થિતિ

ગાંધીનગર, તા.૩૧

શહેરમાં અનેક પ્રકારના વિકાસ કાર્યો હાથ ધરાયેલા જોવા મળે છે. ઘ-૪ સર્કલથી માંડીને સેકટરના આંતરિક માર્ગો સુધી કોઈને કોઈ વિકાસ કાર્ય કે મરામત-નિભાવ કાર્યને અનુલક્ષીને કામગીરી ચાલતી હોય જેના કારણે ખાડા ખોદવા પડયાં હોય તેવા દૃશ્યો અત્યારે ગાંધીનગરમાં સામાન્ય થઈ પડયા છે. આ કામગીરી હેઠળ શહેરમાં અસંખ્ય સ્થળે ખાડા ખોદવા પડયા છે તે સ્વાભાવિક પણ છે. પરંતુ નવીનીકરણ કે મરામતની આ કામગીરી દરમિયાન ખોદવામાં આવેલ માટીનો રોડ પર જ નડતરરૂપ ઢગલો ખડકી દેવામાં આવી રહ્યો છે જેને કારણે વાહનચાલકો ઉપરાંત ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

શહેરમાં સેકટર-૮, સેકટર-૬ હોય કે અન્યસ્થળે ચાલતી વિકાસ કામગીરી દરમિયાન ખોદવામાં આવેલ માટીને કામ કરતી એજન્સી દ્વારા બેદરકારીભરી રીતે રોડ પર નડતરરૂપ બને તે રીતે જ ઢગલો કરી રાખવામાં આવે છે જેમાં મોટે ભાગે જે તે સ્થળે આવવા-જવાની વૈકલ્પિક જગ્યા પણ છોડવામાં આવતી નથી. વળી, માટીના ઢગ ધીમે ધીમે પહોળા થઈને સમસ્યાને વધુ વકરાવે છે જેના કારણે તે સ્થળેથી પસાર થતા વાહનચાલકો તો પરેશાની ભોગવે જ છે પરંતુ ખાસ કરી રાહદારીઓ જેમાં મોટી ઉંમરના વડિલો જેમને સાચવીને સલામત રીતે ચાલવું ખૂબ જરૂરી હોય છે તેમના માટે તો ત્યાંથી પસાર થવું રીતસર જોખમરૂપ બની જાય છે, વળી, ખોદેલી માટીના ઢગને કવર કરતી પટ્ટી કે રીબન લગાડવાની કયાંય તસ્દી લેવાતી નથી તેથી કયાંથી પસાર થવું વધુ જોખમરૂપ છે તેની ખબર જ પડી શકતી નથી. આંતરિક માર્ગો પરના ખોદકામ તો અડધાથી વધુ રોડ રોકી લે તે રીતે કરી માટીના ઢગ ખડકી દેવામાં આવેલા જોવા મળે છે. આ સાથે જે જગ્યાએ કામ પુરું થઈ ગયું હોય છે ત્યાં માટીનું પુરાણ પણ યોગ્ય રીતે પુરતું પાણી આપીને નથી કરવામાં આવતું જેથી તે સ્થળે માટી દબાઈ જવાના કે વધી પડેલી માટીના કારણે રસ્તો ઉબડખાબડ બની જવાની સમસ્યા પણ જોવા મળી રહી છે અને આ સ્થળોએ ફરી ડામર પાથરી રોડ બનાવી દેવાની તસ્દી નથી લેવાતી તેથી ચોમાસામાં 'ભૂવા' સર્જાવાનું જોખમ તો ઉભું જ રહે છે.

શહેરમાં જયાં જયાં ઉભરાતી ગટર, સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરનું રીપેરીંગ કે રોડ પહોળો કરવાની કે અન્ય કામગીરી માટે ખોદકામ કરવામાં આવી રહ્યું છે ત્યાં ખોદેલી માટીને યોગ્ય રીતે નડતરરૂપ ના બને તે રીતે સાઈડમાં ખડકલો કરવા, માટીના ઢગને કારણે કોઈ અકસ્માતનો ભોગ ના બને તે માટે કવર કરતી રાત્રે પણ દેખાય તેવી રેડિયમ સાથેની રીબન બાંધવા અને પુરતો વૈકલ્પિક માર્ગ રાખવા જેથી વરિષ્ઠ રાહદારીઓ પણ સલામત રીતે અવરજવર કરી શકે તે રીતે કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી રહી છે.

કડકડતી ઠંડીમાં સે-૧૯ના જરૂરિયાતમંદ શ્રમિકોને મળી ગરમ ધાબળાની હૂંફ....!!

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર રાજયના રાજકીય પાટનગર હોવા સાથે એક સંવેદનશીલ શહેર તરીકે પણ ઉભરી રહ્યું છે કેમ કે આ શહેરમાં અનેક સેવાભાવી નાગરિકો અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ નિરંતર કરવામાં આવી રહી છે. તાજેતરમાં શહેરમાં ચાલી રહેલા કડકડતી ઠંડીના વાતાવરણમાં શહેરના માર્ગો પર ખુલ્લામાં કે ઝુંપડપટ્ટીઓમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવીઓ માટે સેકટર-૧૯ના એસ.એમ. બારોટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે ધાબળા વિતરણ કરવાનો સેવાયજ્ઞ હાથ ધરવામાં આવ્યો હતો.

ગાંધીનગરમાં આજીવિકા રળવા પોતાનું ઘરબાર છોડીને આવેલા જરૂરિયાતમંદ શ્રમિકોને એસ.એમ. બારોટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૨૫ ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હુડકોના ચેરમેન ડૉ. એસ.કે. નંદા, કામધેનું યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કેલાવાલા, ગરવી ગુર્જરીના ચેરમેન શંકરભાઈ દલવાડી, ફુડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ વિભાગના નાયબ કમિશનર હિતેશભાઈ રાવત, 'ધરતીના લાલ' ના તંત્રી પ્રકાશકુમાર બારોટ, નવજીવન ટ્રસ્ટના જીતુભાઈ જોષી, મોહનીશભાઈ વસાવડા, બ્રહ્માકુમારીઝના કૃપલ દીદી, આરતીદીદી, ભાગ્યવતી બારોટ, ચંદન બારોટ, માયા બારોટ, ઈસ્માઈલભાઈ શેખ, કલશીભાઈ ચારેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિજયકુમાર બારોટે કર્યું હતું.

મહાત્મા મંદિરના પાર્કીંગમાંથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૩૧

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષિય યુવતિ દ્રષ્ટિ અલ્પેશભાઈ મહેતા ગત તા.૨૩ જાન્યુઆરીના રોજ મહાત્મા મંદિર ખાતે કોન્ફરન્સમાં આવી હતી. આ યુવતિએ પોતાનું એકટીવા પાર્કીંગમાં પાર્ક કર્યું હતું. જી.જે.૦૯.એ.કે.-૩૪૭૭ નંબરનું એકટીવા મુકીને અંદર ગયેલી દ્રષ્ટિ સાંજે ચાર વાગ્યાના અરસામાં કોન્ફરન્સ પૂર્ણ કરીને બહાર આવી હતી. આ સમયે પાર્કીંગમાં મુકેલુ એકટીવા ગુમ હતું. જેથી આસપાસના વિસ્તારમાં એકટીવાની શોધખોળ કરી હતી પરંતુ મળી આવ્યું ન હતું. એકટીવા અંગે થોડા સમય રાહ જોઈ હતી તેમ છતા મળી ન આવતા આખરે સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૨૧ હજારની કિંમતના એકટીવાની ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વાવોલ નાડીયા વાસ ખાતે જુગાર રમતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર એલસીબી પોલીસે વાવોલ ગામના નાડીયા વાસમાં જુગાર રમતા ત્રણ શકુનીઓને પકડી પાડયા છે, જયારે એક શકુની નાસી છુટવામાં સફળ રહ્યો હતો. એલસીબીમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા જાગૃતિબા ને વાવોલ નાડીયા વાસ રેલ્વે ટ્રેકની બાજુમાં ગલ્લા પાસે ખુલ્લા છાપરા નીચે જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. જેને પગલે એલસીબીએ રેઈડ પાડતા નાડીયા વાસમાં રહેતા અનિલ લાલજીભાઈ નાડીયા (ઉં.વ.૩૪), લક્ષ્મણ મગનભાઈ નાડીયા (ઉં.વ૫૦), ગોવાભાઈ હીરાભાઈ નાડીયા (ઉં.વ.૩૪) નો સમાવેશ થાય છે. જયારે એક શખ્સ ભાગી છુટવામાં સફળ રહ્યો હતો તે વાવોલ ગામનો શકરાજી કેસાજી ઠાકોર હોવાનું સામે આવ્યું છે. પોલીસે બનાવ સ્થળ પરથી જી.જે.૧૮.સી.પી.-૧૯૬૮ નંબરનું સફેદ કલરનું એકટીવા તેમજ રોકડા રૂ.૧૧૮૦ મળી કુલ રૂ.૨૬,૧૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચારેય સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પેથાપુરના દવા પી ગયેલા યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામમાં રહેતા પ્રહલાદ કાંતિભાઈ બજાણીયા (ઉં.વ.૩૭)એ કોઈ કારણોસર બે દિવસ પહેલા ઘરે દવા ગટગટાવી લેતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. જયા સારવાર દરમિયાન યુવકનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પેથાપુર પોલીસ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

રવિવારે ફેબ્રુઆરી માસની પુસ્તક પરબ સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. ફેબ્રુઆરી મહિનાની પુસ્તક પરબ આ રવિવાર તારીખ ૨ ફેબ્રુઆરી , ૨૦૨૦ના રોજ સવારે ૭.૩૦થી ૯.૩૦ કલાક દરમિયાન સ્વર્ણિમ પાર્ક ઘ - ૪ સર્કલ પાસે અગાઉ નિયમિત જ્યાં યોજાતી હતી એની સામેની બાજુના ગાર્ડનના કોર્નર પર એટલે કે ઉદ્યોગ ભવનની સામેની બાજુએ છત્રી નીચે યોજાશે. છેલ્લા છ વર્ષથી આ પુસ્તક પરબનું આયોજન ગાંધીનગરની પુસ્તક પરબ ટીમ દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગરના અનેક પુસ્તક પ્રેમી વાચકો-મહાનુભાવો, ઉચ્ચ અધિકારીઓ, લેખકો, તબીબો, વરિષ્ઠ નગરજનો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આનો લાભ લે છે. પરબની મુલાકાતે આવનાર વ્યક્તિ બે પુસ્તક અને બે સામયિક વિનામૂલ્યે લઈ જઈ શકે છે. વાંચી લીધા પછી પુસ્તકો આ પરબમાં પરત આપી શકાય છે. પુસ્તકો ભેટમાં સ્વીકારવામાં આવે છે. એક મજાનો માહોલ જામતો હોય છે. શહેરના તમામ ભાવકો - વાચકોને પધારવા આત્મન અને પુસ્તક પરબ ટીમ વતી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર મરચન્ટ એસોસીએશનની જનરલ મીટીંગમાં મોટી સંખ્યામાં વેપારી મિત્રો હાજર રહ્યા હતા. જેમાં સર્વ સંમતિથી પ્રમુખ તરીકે મહેશભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ તરીકે ગિરીશભાઈ ઠકકર અને મંત્રી તરીકે ભાવેશભાઈ શુકલ સાથે નવી કારોબારીની રચના કરવામાં આવી હતી.

સિસિકા દ્વારા નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા નિઃશુલ્ક મેડિકલ કેમ્પ તા. ૨ ફેબ્રુઆરીના રોજ સે-૨ અર્બન હેલ્થ સેન્ટર ખાતે સવારે ૯.૩૦ થી ૧.૦૦ દરમિયાન યોજાશે. જેમાં ફિઝિશ્યન, ગાયનેકોલોજીસ્ટ, બાળકોના રોગ, દાંતના રોગ, આંખના રોગ, ફિઝિયોથેરાપી, ઓર્થોપેડિક સર્જનના નિષ્ણાંત તબીબો દ્વારા સેવા અપાશે. સંસ્થાના પ્રમુખ હસમુખ બી. શાહ દ્વારા કાઉન્સિલના સભ્યો તથા નગરજનોને લાભ લેવા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. જાડેજા દેવકુંવરબા ઘનશ્યામસિંહ, ઉ.વ. ૬૫
- સ્વ. ઠાકોર હિરાબેન રમણભાઈ, ઉ.વ. ૬૭
- સ્વ. મંગતાણી શૈલેન્દ્ર ગુરૂમુખભાઈ, ઉ.વ. ૨૭
- સ્વ. ઠાકોર કલ્પેશકુમાર લીલાજી, ઉ.વ. ૨૨
- સ્વ. લીંબાચીયા લક્ષ્મણભાઈ મોહનભાઈ, ઉ.વ. ૭૦

ખોડિયારધામ વાવોલના પાટોત્સવમાં સંતો-મહંતો ઉમટી પડયા

હેમંત ચૌહાણના ફુલોના ગરબા અને અરવિંદ રાવળના ડાક-ડમરૂ સાથે પાટોત્સવનું સમાપન : મોટી સંખ્યામાં ભાવિકોએ પાટોત્સવનો લાભ લીધો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના વાવોલ-પુન્દ્રાસણ માર્ગ પર સ્થિત શ્રી ખોડિયાર ધામ ખાતે યોજાયેલ તૃતીય પાટોત્સવમાં અમદાવાદના જગન્નાથ મંદિરના મહામંડલેશ્વર દીલીપદાસજી મહારાજ સહિત અનેક સંતો-મહંતો-મહામંડલેશ્વરો ઉપસ્થિત રહેતા સમગ્ર વાતાવરણમાં આધ્યાત્મિકતા છવાઈ ગઈ હતી. પાટોત્સવના સમાપને ગુજરાતના જાણીતા લોકગાયક કલાકાર હેમંત ચૌહાણ દ્વારા ફુલોના ગરબા અને ચોગઠવાળા અરવિંદભાઈ રાવળ દ્વારા ડાક-ડમરૂના કાર્યક્રમે ભાવિકોને ભાવ ભકિતના રસમાં તરબોળ કર્યા હતા.

વાવોલના સોમમણી ફાઉન્ડેશન ટ્રસ્ટના પીઠાધીશ્વર સોમાભાઈ અંબાલાલ પ્રજાપતિ-પાઘડી શેઠ તથા મણીબેન પ્રજાપતિ દ્વારા આયોજિત શ્રી ખોડિયાર ધામના તૃતીય પાટોત્સવ દરમિયાન નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું તથા માતાજીને અન્નકૂટ ધરાવાયો હતો. આ સાથે યજ્ઞમાં શ્રીફળ હોમાયા બાદ કરવામાં આવેલ મહાપ્રસાદ ભોજનનો લાભ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉપરાંત આશ્રમશળાના તથા મુકબધિર શાળાના બાળકોએ લીધો હતો. પાટોત્સવમાં અમદાવાદના જગન્નાથ મંદિરના મહામંડલેશ્વર દીલીપદાસજી મહારાજ ઉપરાંત હરિયાણાના પરૌડીના મહામંડલેશ્વર સ્વામી ધર્મદેવજી, લીમખેડાના કાછલા આશ્રમના મહામંડલેશ્વર સેવાનંદગીરીજી, ભારતી આશ્રમના મહામંડલેશ્વર સ્વામી કલ્યાણ ભારતીજી, બાલવાના ગીરનારી આશ્રમના સાધ્વી બાલયોગી ગીતા દીદી, ધોળેશ્વર મહાદેવના મહંત રામસ્વરૂપદાસજી, વાવોલ રામધામના મહંત મધુસૂદનદાસજી, ટીંટોડાના મહંત લખી રામદાસજી, મારેલના ખોડીદાસ બાપુ સહિત અનેક સંતો-મહંતોએ ઉપસ્થિત રહી વાવોલ તથા ખોડિયારધમનું આંગણું પાવન કર્યું હતું.

રવિવારે મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ ખાતે જાહેર કરાઓકે ઓડિશન્સ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ન્યુ ગાંધીનગરના કુડાસણ સ્થિત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ સંચાલિત 'મેરી આવાઝ સુનો' કરાઓ કે કલબ દ્વારા ગાંધીનગર-અમદાવાદ સહિત રાજયના અનુભવી બિનઅનુભવી ગાયકોને પ્લેટફોર્મ પુરું પાડવાના હેતુથી એક સ્ટેજ શો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માટેના જાહેર ઓડિશન તા. ૨જી ફેબ્રુઆરી રવિવારે સવારે ૧૨.૩૯ કલાકે કુડાસણમાં મારૂતિ નેકશા શો રૂમની બાજુમાં સનરાઈઝ આર્કેડ ખાતેના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ ખાતે યોજવામાં આવ્યા છે. જેમાં વહેલા તે પહેલાના ધોરણે ઓડિશન્સ આપી શકાશે. વધુ વિગત માટે સંસ્થાના મો.નં. ૯૪૨૭૩ ૧૮૦૭૩ અથવા ૮૮૪૯૪ ૫૪૪૦૫ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની પ્રત્યેક માસની પહેલી તારીખ પછીના સોમવારે મળતી ફેબ્રુઆરી માસની બેઠક પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને તા. ૩જી ફેબ્રુઆરીના સોમવારે બપોરના ચાર કલાકે સેકટર-૨૧ના નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. જેમાં પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે તો સંબંધકર્તાઓએ ઉપરોકત બેઠકમાં ઉપસ્થિત રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

મુવી હાઉસ

સિટી પલ્સ, કુડાસણ

સ્ટ્રીટ ડાન્સર ૩ (૨-ડી)
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ટ્રીટ ડાન્સર ૩ (૩-ડી)
૧૧.૪૫, ૫.૪૫
તાન્હાજી (૩-ડી)
૩.૦૦, ૯.૩૦
ગુડ ન્યૂઝ - ૧૦.૦૦
પંગા - ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૧.૦૦
કેમ છો? (ગુજરાતી)
૭.૦૦
હેલ્લારો (ગુજરાતી)
૪.૦૦

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

સ્ટ્રીટ ડાન્સર
૧.૧૫, ૭.૧૫
તાન્હાજી
૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
પંગા - ૫.૧૫
જવાની જાને મન
૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
બેડ બોયઝ ફોર લાઈફ
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૮.૦૦, ૧૦.૪૫
ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૭.૦૦
હેપ્પી હાર્ડી એન્ડ હીટ
૧.૦૦
લવની લવ સ્ટોરી (ગુજરાતી)
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૫

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

જવાની જાને મન
૯.૦૫, ૧૧.૪૦, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦
હેપ્પી હાર્ડી એન્ડ હીટ
૪.૫૫, ૧૦.૩૦
બેડ બોયઝ ફોર લાઈફ
૯.૧૦, ૨.૪૫, ૫.૨૫, ૧૦.૪૫
લવની લવ સ્ટોરી (ગુજરાતી)
૧૧.૫૦, ૭.૩૫
સ્ટ્રીટ ડાન્સર
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૦૦
પંગા - ૭.૧૫
તાન્હાજી
૧૦.૧૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

જવાની જાને મન
૯.૫૦, ૧૨.૨૫, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦, ૧૦.૪૫
હેપ્પી હાર્ડી એન્ડ હીટ
૪.૪૫
ગુલ મકઈ
૨.૦૦
બેડ બોયઝ ફોર લાઈફ
૧૦.૦૫, ૧૨.૫૦, ૬.૫૫, ૯.૪૫
લવની લવ સ્ટોરી (ગુજરાતી)
૧.૨૦, ૧૦.૧૫
સ્ટ્રીટ ડાન્સર
૧૦.૨૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
પંગા - ૧૧.૧૫
ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૩.૪૦
તાન્હાજી
૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૦૦

આજે ગાંધીનગરમાં

● સંસ્કાર ગૃપના બાળકો દ્વારા સાંજે ૬.૧૫ થી ૭.૧૫ દરમિયાન સરસ્વતી માતાની પૂજા અર્ચના સે-૭ બગીચા ખાતે કરવામાં આવશે.